**આંક–**

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૭/૦૨/૨૦૧૯ |
| દાખલ તારીખ | ૦૭/૦૨/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૦૮/૦૩/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મે. મજુર અદાલત, નડિયાદ (જી. ખેડા) ના પ્રિસાઈડિંગ ઓફિસર**
**શ્રી જી.જે.થોરીયા સાહેબ સમક્ષ.**

રીકવરી (૩૩–સી ૨) અરજી નં. : ૧૯/૨૦૧૯

અરજદાર: વિષ્ણુભાઈ ઉદેસિંહ ગોહેલ,
ગામ–દેથલી, શક્તિપુરા,
તા.માતર, જી.ખેડા.

**: વિરૂધ્ધ :**

સામાવાળાઓ: (૧) હેલેક્ષ સીકયુરીટી એન્ડ કન્સલ્ટન્સી સર્વીસીસ
૨૧,૨૨, યુશુપ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક,
રખીયાલ સારંગપુર રોડ, અમદાવાદ.
(૨) સીમા ઈલેકટ્રીકલ્સ લાઈટીંગ પ્રોડકટસ (ઈ) લીમીટેડ,
માલાવાડા રોડ, મુ.લીંબાસી,
તા.માતર, જી.ખેડા.

હાજર રહયા : અરજદાર તરફે – વિ.વ.શ્રી ડી.એચ.શાહ
સામાવાળા નં.(૧) તરફે – કોઈ નહી
સામાવાળા નં.(૨) તરફે – એમ.જી.મેમણ

**: : ચુકાદો : :**

(૧) આ કામના અરજદારની હાલની આઈ.ડી. એકટ–૩૩(સી)(૨) મુજબની અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

આ કામના અરજદાર સામાવાળા નં.૨ માં તેમના કામદાર તરીકે જોડાયા હતા. તેમ છતાં તેઓનું નામ તા.૦૪/૦૨/૨૦૧૩ થી સામાવાળા નં.૧ કોન્ટ્રાકટરમાં લખવામનું શરૂ કરવામાં આવેલ હતું. તેઓનો છેલ્લો દૈનીક પગાર રૂા.૨૮૮/- ચુકવવામાં આવતો હતો. અરજદારને તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા ત્યાં સુધી તેઓનું નામ અલગ અલગ કોન્ટ્રાકટરોમાં લખવામાં આવેલ હતું પરંતુ કયારેય તેઓને છુટા કરેલા ન હોઈ તેઓને સળંગ નોકરી કરેલી છે. તેઓની કામગીરી ઉપર દેખરેખ, સુપરવિઝન અને અંકુશ સામાવાળા નં.૨ નો રહેલ હતો. વધુમાં જણાવેલ છે કે, ફેકટરી એકટ મુજબ અરજદારે ૨૪૦ દિવસની હાજરી પુરી કરે તો તેઓને દર ૨૦ દિવસે એક હકક રજા મળવાપાત્ર છે અને આમ તેઓને આવી હકક રજા આપેલ ન હોઈ, અરજદાર તે હકક રજાનો પગાર રોકડમાં મેળવવા હકકદાર છે. જેથી અરજદારનું નામ સામાવાળા નં.૧ માં જયારથી લખવાનું શરૂ કરવામાં આવ્યું ત્યારથી શરૂ કરીને અરજદારને નોકરીમાંથી છુટા કર્યા તે સમયગાળા દરમ્યાનની ૭૫ હકક રજા મળવાપાત્ર હોય, અરજદારનો દૈનીક પગાર ધ્યાને લેતાં, રૂા.૨૧,૬૦૦/- પુરા હકક રજાનો પગાર મેળવવા હકકદાર થતા હોઈ તે સામાવાળાઓ ચુકવી આપે તેવો હુકમ કરવા તથા અરજી ખર્ચ પેટે રૂા.૧૦૦૦/- ચુકવી આપવા અરજ કરેલ છે.

(૨) આ કામના સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરતા સામાવાળા નં.૧ ને આંક-૪ વાળી એકનોલેજમેન્ટ રીસીપ્ટથી તથા સામાવાળા નં.૨ ને આંક-૫ વાળી એકનોલેજમેન્ટ રીસીપ્ટથી બજી ગયેલ છે. સામાવાળા નં.૨ તરફે તેમના પ્રતિનિધિ હાજર થયેલા છે. જયારે સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર નહી થતાં અરજદાર તરફે આંક-૭ થી સામાવાળા નં.૧ નો જવાબનો હકક બંધ કરવા અરજી આપતા તે તળે થયેલ હુકમ મુજબ સામાવાળા નં.૧ નો જવાબનો હકક બંધ થયેલો છે. જેથી સામાવાળા નં.૧ તરફે કોઈ જવાબ રજુ થયેલો નથી.

(૩) જયારે આ કામના સામાવાળા નં.ર તરફે જવાબ રજુ થયેલો છે. જેમાં તેઓએ અરજદારની અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, અરજદારે માંગેલ રકમ મેળવવાનો પ્રિ–એકઝીસ્ટીંગ રાઈટ બનતો નથી, હકક રજાની ગણતરી બાબતે કોઈ સ્પષ્ટ પીરીયડ જણાવેલ નથી અને તે પીરીયડમાં કેટલી હકક નીકળે છે તેવી કોઈ સ્પષ્ટ અરજીમાં કરેલ નથી, અરજદાર અને તેઓ વચ્ચે કયારેય નોકર–માલીકનો સબંધ ઉદ્દભવેલ ન હોય અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓએ જી.ઈ. લાઈટીંગ ઈ.પ્રા.લી. કંપનીને તા.૧૭/૧/૨૦૦૭ ના રોજ ફકત કાયમી કામદારો કે જે મસ્ટર રોલ ઉપર હોય તેઓની જવાબદારી સાથે ટેકઓવર કરેલ હતી અને ઉત્પાદનની પ્રક્રિયા માટે જરૂરીયાત કરતા પણ વધુ કામદારો કામ કરતા હતા. તેઓને હંગામી માણસોની જરૂર પડતા આ કામના સામાવાળા નં.૧ ને કોન્ટ્રાકટ આપેલ હતો અને અરજદારની ભરતી સામાવાળા નં.૧ નાએ હંગામી ધોરણે કરેલ હોઈ તેઓની કામની સોંપણી, દેખરેખ, અંકુશ કોન્ટ્રાકટરના સુપરવાઈઝર ધ્વારા કરવામાં આવતું હતું. અરજદારને પગાર તથા કાયદાકીય લાભો ચુકવવાની જવાબદારી પણ સામાવાળા નં.૧ ની હોય તેઓ અરજદારને પગાર તથા લાભો ચુકવતા હતા. અરજદારની રજાઓની રકમ બાબતે તપાસ કરતા સામાવાળા નં.૧ કોન્ટ્રાકટરે જે કામદારો ફેકટરી એકટ મુજબ રજાને પાત્ર હતા તેઓને રજાઓ આપેલ છે અને અરજદારે તેઓની રજાઓ ભોગવેલ છે. આમ સામાવાળા નં.ર અને અરજદાર વચ્ચે કયારેય નોકર–માલીકનો સબંધ ઉપસ્થિત થયેલ હોય, અરજદારની આવી કોઈ રજાની રકમ ચુકવવાની થતી ન હોવા છતાં તેઓને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે.

(૪) આ કામે આંક–૧૧ થી અરજદારે સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. અરજદારે આંક–૧૪ થી કલોઝીંગ રજુ કરેલ છે.

(૫) આ કામે સામાવાળા નં.ર તરફેથી કોઈ જ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી અને આંક–૧૫ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે. જયારે સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર રહેતું ન હોઈ, તેઓને પુરાવાનો હકક તથા અરજદારની ઉલટતપાસ લેવાનો હકક રોજકામમાં બંધ કરવામાં આવેલો છે.

(૬) અરજદાર અને સામાવાળા નં.ર તરફે મૌખીક દલીલો કરવામાં આવેલ છે. જે સાંભળવામાં આવેલ છે. જયારે સામાવાળા નં.૧ હાજર ન હોય તેઓનો દલીલોનો હકક રોજકામમાં બંધ કરવામાં આવેલ છે. સામાવાળા નં.ર તરફે પોતાની દલીલોના સમર્થનમાં રીકવરી અરજી નં.૧૫/ર૦૧૯ ના કામે ૧૯૯૬(૦), જી.એલ.એચ.ઈ.એલ. –એસ.સી., પાના નં.૧૧ર૦ર, હીન્દુસ્તાન સ્ટીલ વર્કસ કન્સ્ટ્રકશન લી. વિ. કમીશ્નર ઓફ લેબરનો ચુકાદો રજુ રાખેલો છે. જે આ કામે ગણી લેવા અરજ કરેલ છે. દલીલો અને ચુકાદાની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે.

(૭) અરજદાર તથા સામાવાળાના વિરોધાભાસી કથનો તથા પુરાવાને ઘ્યાને લેતા સદર અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચેના પ્રશ્નો ઉપસિથત થાય છે.

<u>– : : મુદૃાઓ : : –</u>

(૧) શું આ અરજી ઔ.વિ.ધારા કલમ–૩૩(સી–ર) ની જોગવાઈના પરિપ્રેક્ષ/વ્યાપમાં છે ?

(ર) શું અરજદારની કોઈ રકમ સામાવાળાઓ પાસે બાકી લેણી પડે છે ? જો હા તો કેટલી અને કોની પાસેથી ?

(૩) શું હુકમ ?

<u>– : : નિષ્કર્ષ : : –</u>

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં. અરજદાર સામાવાળા નં.૧ પાસેથી રૂા.૮,૬૪૦/- મેળવવા હકકદાર છે.

(૩) આખરી હુકમ મુજબ.

**<u>-::પરામર્શ::-</u>**

***<u>મુદ્દા નં.(૧) : -</u>***

(૮) મહત્વનો મુદ્દો એ છે કે, હાલની અરજી ઔ.વિ.ધા. ની કલમ-૩૩(સી-૨) ના પરિપ્રેક્ષ/વ્યાપમાં આવે છે કે કેમ. આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટના ***<u>સ્ટેટ ઓફ યુ.પી. વિ. બ્રિજપાલસીંગ, એ.આઈ.આર., ૨૦૦૬(સુ.કો.), પાના નં.૩૫૯૨</u>*** માં આ કલમની જોગવાઈના વ્યાપ/પરિપ્રેક્ષ બાબતે ખુબ વિસ્તૃતપુર્વક ચર્ચા અન્ય ચુકાદાઓના સંદર્ભ લઈ કરવામાં આવેલ છે. જે એવી છે કે, .....

11. this Courtheld as under :

8. The principles enunciated in the decisions referred by either side can be summed up as follows : Whenever a workman is entitled to receive from his employer any money or any benefit which is capable of being computed in terms of money and which he is entitled to receive from his employer and is denied of such benefit can approach Labour Court under Section 33C (2) of the Act. ***<u>The benefit sought to be enforced under Section 33C (2) of the Act is necessarily a pre-existing benefit or one flowing from a pre-existing right. The difference between a pre-existing right or benefit on one hand and the right or benefit, which is considered just and fair on the other hand is vital. The former falls within jurisdiction of Labour Court exercising powers under Section 33C (2) of the Act while the latter does not. ............</u>*** Therefore, the Labour

Court has no jurisdiction to adjudicate the claim made by the respondent herein under Section 33C (2) of the I. D. Act in an undetermined claim and until such adjudication is made by the appropriate forum, the respondent workman cannot ask the Labour Court in an application under Section 33C (2) of the I. D. Act to disregard his dismissal as wrongful and on that basis to compute his wages.

(૯) તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના **હિતેન્દ્ર લક્ષ્મીચંદ સોની વિ.શેખ એન્ડ કંપની ૨૦૧૬(૩) જીએલઆર. પાના નં.૧૮૯૨** ના ચુકાદાના પેરા નં.૧૫ માં કલમ–૩૩ (સી)(૨) ની અરજીનો સ્કોપ શું છે તે ઠરાવેલ છે, જે નીચે મુજબ છે.

***15. In this view of the matter, it would be appropriate to consider, at the outset, the scope of application under Sec. 33C(2) and the scope of said provision and scope of Court's jurisdiction while entertaining recovery application under said provision. While entertaining, adjudicating and deciding an application filed under Sec. 33C(2) :***

***(a) the learned Labour Court can consider claim which can be computed in terms of money but the right must be crystallized and should arise from and in the course of "employer-and-employee" relationship. The right should exist as "crystallized right".***

***(b) While acting under Sec. 33C(2), the Labour Court cannot entertain and adjudicate a claim which is not based on existing right i.e. a claim which is required to be adjudicated upon and converted into right.***

***(c) While entertaining and deciding an application under Sec. 33C(2), the Labour Court cannot act as, or cannot exercise jurisdiction of, a Labour Court or an Industrial Tribunal under Sec. 10 of the Act and it cannot usurp the jurisdiction of and function of the Labour Court or Industrial Tribunal acting under Sec. 10 of the Act.***

***(d) There is substantive and material difference between "money had" and "might have", and that therefore, it is not permissible to Labour Court acting under Sec. 33C(2) to receive a claim and adjudicate the claimant's "entitlement" or to determine the "base of the claim".***

***(e) The Labour Court acting under Sec. 33C(2) cannot first undertake the process to decide claimant's "entitlement" or "base of the claim" and, then, set down the matter for computing and quantifying the amount payable towards such claim. The jurisdiction and function to decide "entitlement" and "base for the claim" is of Labour Court or Industrial Tribunal under Sec. 10 of the Act.***

***(f) When the entitlement for the claim and base of the claim are adjudicated, then, for the purpose of implementation of such claim or for deciding and removing any ambiguity and/or for quantifying the money value of the adjudicated right, the Court can entertain the application under said Section and in that process, the learned Labour Court can decide incidental issues.***

***(g) The power of the Labour Court acting under Sec. 33C(2) is akin to the power of executing Court i.e. to interpret the decree for the purpose of execution***

(૧૦) આમ ઉપરોકત સ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને રાખતા પ્રસ્તુત કેસમાં સૌપ્રથમ એ વિચારવાનું રહે કે, અરજદારનો પુર્વ અસ્તિત્વ હકક હતો કે કેમ? અથવા તો કોર્ટે આવો હકક નિર્ણિત કરેલો છે કે કેમ? અથવા તો બન્ને પક્ષકારો વચ્ચે આવો હકક બાબતે કોઈ કરાર થયેલો છે કે કેમ?

(૧૧) આ માટે કલમ—૩૩ સી(૨) ની જોગવાઈ ધ્યાને લેવી જોઈએ જે એવી છે કે, કોઈ કામદાર, માલીક પાસેથી કંઈક રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવો કોઈ લાભ મળેળવવા હકકદાર હોય ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતા થકી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો મજુર

અદાલત આ અધિનિયમ હેઠળ અરજી કરી શકશે. આ કલમની જોગવાઈમાં કામદાર, માલીક અને હકકદાર એવો શબ્દો પ્રયોજાયેલા છે.

(૧૨) અરજદારનું કથન એવુ છે કે, તેઓ તા.૦૪/૦૨/૨૦૧૩ થી સામાવાળા નં.૨ માં કામદાર તરીકે જોડાયેલા હોવા છતાં તેમનું નામ કોન્ટ્રાકટરના કામદાર તરીકે એટલે કે સામાવાળા નં.૧ માં લખવાનું શરૂ કરવામાં આવેલું અને તેઓનો દૈનીક પગાર રૂા.૨૮૮/– ચુકવવામાં આવતો હતો. તેઓને તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા ત્યાંસુધીના સળંગ સમયગાળા દરમ્યાન અરજદારનું નામ કોન્ટ્રાકટરમાં લખવામાં આવ તું હતું અને અરજદારનું નામ અલગ અલગ કોન્ટ્રાકટરોમાં ચાલુ રાખવામાં આવતું હતું. આ સમગ્ર સમયગાળા દરમ્યાન અરજદારે સળંગ નોકરી કરેલી છે. અરજદાર ફેકટરી એકટ મુજબ દર ૨૦ દિવસે એક હકક રજા મેળવવા હકકદાર થતા હોવા છતાં અરજદારને હકક રજા આપવામાં આવેલી ન હોય તેઓ હકક રજાનો પગાર રોકડમાં મેળવવા હકકદાર છે અને ૭૫ દિવસની હકક રજા પગાર પેટે રૂા.૨૧,૬૦૦/– મેળવવા હકકદાર હોવાનું કથન કરેલ છે. આ મુજબની જ હકીકતો અરજદારે પોતાના પુરાવાના સોગંદનામામાં જણાવેલી છે.

(૧૩) અરજદારે સામાવાળા નં.૨ સીમા કંપની ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓ હેલેક્ષ કોન્ટ્રાકટર (સામાવાળા નં.૧) માં તા.૦૪/૦૨/૨૦૧૩ ના રોજ જોડાયેલા અને ડીસેમ્બર–૨૦૧૭ સુધી કોન્ટ્રાકટરના કામદાર તરીકે કામ કરેલું છે. વધુમાં અરજદારે ઉલટતપાસમાં જણાવેલું છે કે, તેઓએ સને–૨૦૧૩ થી સને–૨૦૧૭ સુધીની હકક રજાની માંગણી કરેલી છે.

(૧૪) સામાવાળા નં.૧ કોન્ટ્રાકટરને ધારાસર નોટીસ બજવા છતાં તેઓ હાજર રહેલા નથી, તેઓએ કોઈ લેખિત જવાબ રજુ કરેલો નથી કે કોઈ પુરાવો પણ રજુ કરેલો નથી. આમ અરજદાર સામાવાળા નં.૧ ના કોન્ટ્રાકટમાં જોડાયેલા

અને સને–૨૦૧૭ સુધી તેઓએ સળંગ કામગીરી કરેલી તે હકીકત સામાવાળા નં.૧ પુરતી બીનતકરારી અને પડકારરહીત રહેલી છે. એ હકીકત પણ બીનતકરારી અને પડકારરહીત રહેલી છે કે, અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર–માલીકનો સબંધ અસ્તિત્વ ધરાવતો હતો. સામાવાળા નં.ર સીમા કંપની હાલની આ હકક રજા પગાર મેળવવા માટે કાયદાની કઈ જોગવાઈ હેઠળ જવાબદાર બને છે અથવા તો કોઈ એવોર્ડ અન્વયે સામાવાળા નં.ર સીમા કંપનીની જવાબદારી બને છે તેવી લેશમાત્ર રજુઆત કે પુરાવો અરજદારપક્ષ તરફથી રજુ થયેલો નથી. તેવા સંજોગોમાં ઉપરોકત જે ચુકાદાઓ રજુ રાખેલા છે તે પ્રમાણે સામાવાળા નં.ર સામે કોઈ પુર્વનિર્ણિત હકક પ્રસ્થાપિત થયો હોય અથવા તો કોઈ એવોર્ડ થયેલો હોય અથવા સામાવાળા નં.ર અને કામદાર વચ્ચે કોઈ સમાધાન કરાર થયેલો હોય તો જ કલમ–૩૩(સી–ર) અન્વયેની અરજી ચાલવાપાત્ર થાય છે. તેવા સંજોગોમાં સામાવાળા નં.ર સામે હાલની અરજી ટકવાપાત્ર રહેતી નથી, કારણ કે સામાવાળા નં.ર સામેની હાલની અરજી કલમ–૩૩(સી–ર) ના પરિપ્રેક્ષ્યની બહાર છે.

(૧૫) જયારે સામાવાળા નં.૧ કોન્ટ્રાકટર અને અરજદાર વચ્ચે નોકર–માલીકનો સબંધ હોવાની હકીકત બીનતકરારી અને પડકારરહીત રહેલી છે. વધુમાં હકક રજા એ ફેકટરી એટક અન્વયે પ્રસ્થનાપિત થયેલો કામદારની તરફેણનો અધિકાર છે. તેવા સંજોગોમાં આવો અધિકાર પ્રસ્થાપિત કરવા માટે એવોર્ડ કે સમાધાનની જરૂર રહેતી નથી. ફેકટરી એકટની કલમ–૭૯ માં આ અંગે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે.

(૧૬) આ કામે અરજદાર તરફે ૭૫ દિવસની હકક રજા પગારની માંગણી કરવામાં આવેલી છે. અરજદારે સામાવાળા નં.૧ પાસેથી કાયદા મુજબ માલીક સંસ્થાએ નિભાવવાનું થતું ફોર્મ–૧૮ રજુ કરે તેવી અરજી આપેલી છે અને કારખાના ધારા ગુજરાતના નિયમ–૯૪ મુજબ આવું નિયત નમુનાનું

રજીસ્ટર નિભાવવું ફરજીયાત હોય સને-૨૦૧૩ થી સને-૨૦૧૭ સુધીનું નિયત નમુનાનું હકક રજા રજીસ્ટર રજુ કરવાનો હુકમ કરવામાં આવેલો. તેમ છતાં પણ સામાવાળા નં.૧ કોન્ટ્રાકટરે આવું રજીસ્ટર રજુ કરેલું નથી. જેથી અરજદારની સોગંદ ઉપરની એ હકીકત માનવાને કારણ રહે છે કે, તેમની હકક રજાઓ જમા થયેલી છે. વધુમાં અરજદારે પોતાના સોગંદનમામાં એવું પણ જણાવેલું છે કે, તેમને હકક રજા કાર્ડ આપવામાં આવતું ન હતું. જે હકીકત પણ બીનતકરારી અને પડકારરહીત રહેલી છે. જેથી અરજદારની હકક રજા જમા હતી તે અંગે તકરાર રહેતી નથી. ફેકટરી એકટની કલમ-૭૯(૫) મુજબ વધુમાં વધુ ૩૦ દિવસની રજા જમા થઈ શકે. પરંતુ જો હકક રજા કામદારે માંગેલી હોઈ અને આવી હકકરજા માલીકે આપેલી ન હોય તો, જેટલા દિવસની હકક રજા માંગેલી હોય તેટલા દિવસની હકક રજા આગળ ખેંચી શકાશે. હાલના કિસ્સામાં કામદારે એવા કોઈ પુરાવા રજુ કરેલા નથી કે, તેમણે માલીક પાસે હકક રજા માંગેલી હતી પરંતુ માલીકે આવી હકક રજા આપેલી નહી. તેથી કાયદા મુજબ નિર્દિષ્ઠ કરવામાં આવેલી વધુમાં વધુ ૩૦ દિવસની હકક રજાનો પગાર હાલના કામે અરજદાર મેળવવા હકકદાર છે.

(૧૭) અરજદારે પોતાનો દૈનીક પગાર રૂા.૨૮૮/- નો દર્શાવેલો છે તે અંગે સામાવાળા નં.૧ નાએ હાજર થઈ કોઈ તકરાર ઉઠાવેલ નથી કે વિરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી અઅરજદારનો આ દૈનીક પગાર બીનતકરારી અને પડકારરહીત રહેલો છે. જેથી દૈનીક રૂા.૨૮૮/- લેખે ૩૦ દિવસની હકક રજા પગારની ગણતરી કરતા, રૂા.૮,૬૪૦/- થશે. આમ અરજદાર સામાવાળા નં.૧ હેલેક્ષ સીકયુરીટી એન્ડ કન્સલ્ટન્સી સર્વીસીસ નાઓ પાસેથી જમા હકક રજાના પગાર પેટે રૂા.૮,૬૪૦/- મેળવવા હકકદાર બને છે. આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ મુદ્દા નં.(૧) નો જવાબ ''**હકાર**'' માં ઠરાવવામાં

આવે છે, મુદ્દા નં.(૨) નો જવાબ તે રીતે ''**અંશત: હકાર**'' માં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

અરજદારની હાલની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળા નં.૧ હેલેક્ષ સીક્યુરીટી એન્ડ કન્સ્લટન્સી સર્વીસીસનાઓએ અરજદારને હકક રજાના પગાર પેટે **રૂા.૮,૬૪૦/- (અંકે રૂપિયા આઠ હજાર છસો ચાળીસ)** પુરા હુકમ તારીખથી દિન-૩૦ માં ચુકવી આપવા.

અન્યથા આ કામના અરજદાર આ કામના સામાવાળા નં.૧ પાસેથી હુકમ તારીખથી દિન-૩૦ બાદ વસુલ થતાં સુધી ૯% લેખે સાદું વ્યાજ મેળવવા હકકદાર બનશે.

જયારે સામાવાળા નં.૨ સીમા ઈલેકટ્રીકલ્સ લાઈટીંગ પ્રોડકટસ (ઈ) લીમીટેડનાઓ સામેની હાલની અરજી આથી ના-મંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમની જાણ પક્ષકારોને કરવી.

હુકમ આજ રોજ તારીખ-૮મી, માહે-માર્ચ, સને-૨૦૨૨ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી-સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

**તારીખ : ૦૮/૦૩/૨૦૨૨**
**નડીઆદ.**
(M.D.)

**(ઘનશ્યામ જ્યંતભાઈ થોરીયા)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજૂર અદાલત, નડીઆદ.**
**GJ00842**